# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) **સ્વીડન પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.**
2) **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતનાં ગાંધીનગરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોની ભેટ આપી.**
3) **કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું ભારતે એક જ દિવસમાં 256 ગીગાવોટ વીજળીની માંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી.**
4) **લશ્કરી સાધનો વહન કરતા જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર ન થવા દેવા ઈરાનની ચેતવણી.**
5) **IPL ક્રિકેટમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ પંજાબ કિંગ્સને 23 રને હરાવ્યું.**

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-SWEDEN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વીડનના ગોથેનબર્ગ પહોંચ્યા છે. પ્રધાનમંત્રી મોદીના વિમાનને દેશના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા જ સ્વીડિશ ગ્રિપેન ફાઇટર જેટ્સે આવકાર્યું.

ગોથેનબર્ગ વિમાનીમથક પર પહોંચ્યા બાદ, પ્રધાનમંત્રી મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટર્સન દ્વારા તેમનું વ્યક્તિગત સ્વાગત કરવામાં આવ્યું.

સ્વીડનની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, શ્રી મોદી આજે તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરશે. બંને પક્ષો વેપાર, ગ્રીન ટ્રાન્ઝિશન, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઉભરતી ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ, સ્થિતિસ્થાપક સપ્લાય ચેઇન, સંરક્ષણ, અવકાશ, આબોહવા કાર્યવાહી અને લોકો સાથેના સંબંધોમાં સહયોગના નવા માર્ગો પર ચર્ચા કરશે.

તેઓ પ્રધાનમંત્રી યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે, યુરોપિયન રાઉન્ડ ટેબલ ફોર ઇન્ડસ્ટ્રી, એક અગ્રણી પેન-યુરોપિયન બિઝનેસ ફોરમને સંયુક્ત રીતે સંબોધિત કરશે.

# EVE PM-NETHERLANDS

આ અગાઉ નેધરલેન્ડની તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ તેમના ડચ સમકક્ષ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. બંને પક્ષોએ સંરક્ષણ, મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે 17 કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. ગુજરાતમાં મહત્વાકાંક્ષી કલ્પસર પ્રોજેક્ટ માટે ભારત-નેધરલેન્ડ ટેકનિકલ સહયોગમાં આ મુલાકાત એક મહત્વપૂર્ણ પગલું છે. કલ્પસર પ્રોજેક્ટમાં ખંભાતના અખાત પર 30 કિમી લાંબો બંધ બાંધવાનો સમાવેશ થાય છે જે નર્મદા, સાબરમતી, મહી અને ધાધર સહિતની મુખ્ય નદીઓમાંથી મીઠા પાણીને રોકશે, જેનાથી એક વિશાળ દરિયાકાંઠાનો જળાશય બનશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, તેમની નેધરલેન્ડ મુલાકાત થી  દ્વિપક્ષીય સંબંધોમાં નવી ગતિ મળશે.

# AMIT SHAH GUJ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતનાં ગાંધીનગરમાં 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ કાર્યોની ભેટ આપી છે. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહે ગાંધીનગર મહાનગરપાલિકાના 600 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે દશેલા ખાતે અંદાજે 128 કરોડના ખર્ચે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે પશુપાલકોની આવકમાં 20 ટકા વૃદ્ધિનો લક્ષ્યાંક હાંસલ કરવાની નેમ વ્યક્ત કરી.

તેમણે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન ખાતે ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યું. તેમણે NIDના મહત્વ પર પ્રકાશ પાડતા કહ્યું, NID જેવી સંસ્થાઓ દ્વારા યુવાનોને નવાચાર અને વ્યવસાયિક વિકાસ માટે યોગ્ય માળખું મળે છે.

**(BYTE : AMIT SHAH – NID)**

અગાઉ તેમણે અમદાવાદના ત્રાગડમાં 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક-ફેઝ 1' અને 'GREMI સિટી કેમ્પસ'નું પણ ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત વિશ્વના દરેક ઊભરતાં ક્ષેત્રમાં અગ્રણી બન્યું છે.

**(BYTE : AMIT SHAH – AI)**

# JOSHI-POWER DEMAND

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું છે કે દેશે એક જ દિવસમાં રેકોર્ડ 256.4 ગીગાવોટ વીજળીની માંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

એક ખાનગી અખબાર સાથે વાત કરતા શ્રી જોશીએ જણાવ્યું કે કુલ વીજળીની માંગના આશરે 33 ટકા નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો દ્વારા પૂર્ણ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનું વીજ માળખાગત માળખું હવે મજબૂત, વધુ વિશ્વસનીય અને ભવિષ્યની જરૂરિયાતો માટે તૈયાર છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# IRAN-STRAIT OF HORMUZ

ઈરાને જાહેરાત કરી છે કે તે લશ્કરી સાધનો વહન કરતા જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થવા દેશે નહીં. આ સામુદ્રધુની વૈશ્વિક ઉર્જા વેપાર માટે એક મુખ્ય દરિયાઈ માર્ગ છે.

ઈરાનના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ, મોહમ્મદ રેઝા આરેફે જણાવ્યું કે ઈરાને અગાઉ આ જળમાર્ગ પર પોતાની સંપૂર્ણ સાર્વભૌમત્વનો ઉપયોગ કરવામાં સંયમ રાખ્યો છે અને ઈરાન વિરુદ્ધ ઉપયોગમાં લેવાતા લશ્કરી સાધનો વહન કરતા જહાજોને પસાર થવા દીધા છે. તેમણે જણાવ્યું હતું કે આ નીતિ હવે બદલાશે.

ગઈકાલે, ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના વડા, ઈબ્રાહિમ અઝીઝીએ જાહેરાત કરી હતી કે ઈરાને હોર્મુઝ સામુદ્રધુનીમાં એક ખાસ માર્ગ દ્વારા દરિયાઈ ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે એક પદ્ધતિ વિકસાવી છે. શ્રી અઝીઝીએ જણાવ્યું હતું કે આ પદ્ધતિ ફક્ત વાણિજ્યિક જહાજો અને ઈરાન સાથે સહયોગ કરતા દેશોના જહાજોને જ મંજૂરી આપશે. તેમણે ઉમેર્યું હતું કે યુએસના કહેવાતા ફ્રીડમ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઓપરેટરોને સૂચિત માર્ગનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# VAISHNAW-EXPRESS TRAIN

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે બેંગલુરુ અને મુંબઈ વચ્ચે એક નવી એક્સપ્રેસ ટ્રેનને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી હતી.

આ પ્રસંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું કે દક્ષિણ અને ઉત્તર કર્ણાટકના લોકોની લાંબા સમયથી પડતર માંગણીઓ હવે પૂર્ણ થઈ રહી છે. તેમણે ઉમેર્યું કે બેંગલુરુ અને મુંબઈ વચ્ચે વંદે ભારત સ્લીપર ટ્રેન ટૂંક સમયમાં શરૂ થવાની અપેક્ષા છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે કર્ણાટકમાં હાલમાં 12 જોડી વંદે ભારત ટ્રેનો કાર્યરત છે. બેંગલુરુને હૈદરાબાદ અને ચેન્નાઈ સાથે જોડતા બુલેટ ટ્રેન કોરિડોરને પણ મંજૂરી આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે મુંબઈ, બેંગલુરુ અને અન્ય મુખ્ય શહેરોને જોડતા રેલ નેટવર્કને લાંબા ગાળે 7 હજાર કિલોમીટર સુધી વિસ્તૃત કરવાની યોજના છે. રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે અમૃત ભારત સ્ટેશન પ્રોજેક્ટ હેઠળ, કર્ણાટકમાં 61 રેલ્વે સ્ટેશનોનો 200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે, જેમાંથી નવ સ્ટેશનો પર કામ પૂર્ણ થઈ ગયું છે.

# NAIDU-ATF VAT

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આજે દિલ્હી સરકારના વિમાનન ટર્બાઇન ઈંધણ-ATF પર મૂલ્યવર્ધિત કર (ATTF) 25 ટકાથી ઘટાડીને 7 ટકા કરવાના નિર્ણયની પ્રશંસા કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં આ પગલાની પ્રશંસા કરતા શ્રી નાયડુએ કહ્યું કે જ્યારે ઉડ્ડયન ક્ષેત્ર વૈશ્વિક સ્તરે પરિચાલન અને ખર્ચના દબાણનો સામનો કરી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવેલા આવા સક્રિય પગલાં એરલાઇન્સ અને વાજબી હવાઈ મુસાફરી માટે મદદરૂપ છે. મંત્રીએ કહ્યું કે દિલ્હી, દેશના સૌથી વ્યસ્ત ઉડ્ડયન કેન્દ્રોમાંનું એક છે, અને આ નિર્ણયથી લાભ થશે.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 મેના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 134મી કડી હશે.

લોકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMS માં મળેલી લિંકને અનુસરીને પણ સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો આપી શકે છે. આગામી એપિસોડ માટે સૂચનો આ મહિનાની 29 તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

# REV. THAILAND OPEN

થાઇલેન્ડ ઓપન બેડમિન્ટનના પુરુષ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ રજત ચંદ્રક જીત્યો.

ફાઇનલમાં, આ જોડી ઇન્ડોનેશિયાના લીઓ રોલી કોર્નાંડો અને ડેનિયલ મોર્થિનની જોડી સામે 12-21, 23-25થી હાર થઈ.

મહિલા ડબલ્સમાં, ચીનના બાઓ લિજિંગ અને કાઓ ઝિહાને ફાઇનલમાં જાપાનના રિન ઇવાનાગા અને કેઈ નાકાનિશીને 19-21, 21-16, 21-19થી હરાવીને મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો.

# IPL CRICKET-TARGET

IPL ક્રિકેટમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ધર્મશાલામાં પંજાબ કિંગ્સને 23 રને હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 222 રન કર્યા હતા.

223 રનના લક્ષ્યનો પીછો કરતા, પંજાબ કિંગ્સે 20 ઓવરમાં 8 વિકેટે 199 રન બનાવ્યા હતા, અન્ય એક મેચમાં, રાજસ્થાન રોયલ્સનો અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહી છે.

દિલ્હી કેપિટલ્સ ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે. છેલ્લે મળતાં અહેવાલ મુજબ રાજસ્થાન રોયલ્સ 4 ઓવરમાં 1 વિકેટે 40 રન બનાવ્યા છે.

# PABITRA - KALINAGO COMMUNITY

વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગારિતાએ કહ્યું છે કે ભારત સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ સાથેની ભાગીદારી દ્વારા ડોમિનિકાના કાલિનાગો સમુદાયને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી માર્ગારિતાએ ડોમિનિકાના કાલિનાગો પ્રદેશની મુલાકાત લીધી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે કહ્યું કે ભારત ડોમિનિકા સાથેની મિત્રતાને વધુ મજબૂત બનાવી રહ્યું છે જે સહિયારા લોકશાહી મૂલ્યો અને દક્ષિણ-દક્ષિણ સહયોગ પર આધારિત છે.

કાલિનાગો ડોમિનિકાના રહેવાસીઓ છે, જે કેરેબિયનમાં બાકી રહેલા છેલ્લા સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે.